# નિવેદન

'ગુજરાત ગાર્ડિયન'માં 'બાયનોક્યુલર' શીર્ષક હેઠળ છેલ્લાં ચારેક વર્ષથી સતત ચાલી રહેલી લલિત નિબંધોની કટારના કેટલાક લેખો 'બાયનોક્યુલર' શીર્ષક હેઠળ અને ૩૮ જેટલા નિબંધો 'બિસતંતુ' શીર્ષક હેઠળ પ્રકાશિત થયા છે. સાતત્યપૂર્વક લખાતી રહેલી આ કટારના લેખોને વિશાળ વાચકવર્ગે ઉમળકાભેર આવકાર્યા છે અને પ્રસંગોપાત્ત પ્રશંસા કરી પ્રોત્સાહન પણ આપ્યું છે.

'બાયનોક્યુલર' અને 'બિસતંતુ' પછી 'સમયવન' નામથી 'ઝેન ઓપસ' દ્વારા પ્રકાશિત થઈ રહેલા આ સંગ્રહમાં કુલ ૩૩ નિબંધો સમાવવામાં આવ્યા છે. તેમાં પ્રકૃતિના અવનવા રંગ અને મિજાજ, આપણા જાણીતા પર્વોના પ્રેરણાદાયી અને ઉલ્લાસપ્રેરક પરિવેશ તેમજ કેટલાક જીવનલક્ષી વિષયો પરત્વે અંગત વિચારલીલાનું આલેખન કરવાનો મેં નમ્ર પ્રયાસ કર્યો છે. પૂર્વેના બે નિબંધસંગ્રહોને સાંપડેલા વ્યાપક આવકારને અનુસરીને પ્રગટ કરવામાં આવી રહેલા આ ત્રીજા નિબંધસંગ્રહને પણ સુજ્ઞજનો એટલા જ ઉમળકાપૂર્વક આવકારશે, એવી શ્રદ્ધા છે.

ચોથા નિબંધસંગ્રહનું પ્રકાશન પણ હાથ ધરવામાં આવેલું છે, જે સત્વરે પ્રગટ થાય એવી આશા છે. એના અનુગામી અર્થાત્ પાંચમા સંગ્રહની સામગ્રી પણ તૈયાર છે, જે સાકાર થવાની દિશા તરફ પ્રસ્થાન કરે, ત્યારે તેની વાત.

'સમયવન'ના ત્વરિત પ્રકાશન માટે ઝેન ઓપસના નિયામક સ્નેહી મુ. શ્રી કિરણભાઈનો ઉમળકો, ઉત્સાહ અને ઉદ્યમ, ત્રણેયનું અનન્ય યોગદાન રહેલું છે, તે બદલ મુ. શ્રી કિરણભાઈનો હાર્દિક ઋણસ્વીકાર પ્રગટ કરું છું.

ગુડીપડવો, સંવતઃ ૨૦૮૨ **– કુમાર જૈમિનિ શાસ્ત્રી**

# અનુક્રમણિકા


1. દિલની વાત ---------- 1
2. સહરાની તરસ ---------- 6
3. પ્રેમની ઍનૅટૉમી ---------- 11
4. આંસુ અને ઝાકળ ---------- 16
5. હોળી-ધુળેટી ---------- 21
6. રણમાં છાંટી રેત ---------- 26
7. દૃષ્ટિ-દૃષ્ટિબિંદુ ---------- 31
8. રોકો વસંતને ---------- 36
9. સંગ્રહ કોઈનો નહીં ---------- 41
10. મોસમનો પગરવ ---------- 46
11. સૃષ્ટિની ઘટમાળ ---------- 52
12. શાશ્વત સાયુજ્ય ---------- 56
13. આંખો આંખોમાં ---------- 60
14. રહસ્યવાદ ---------- 65
15. હદની કોઈ હદ નથી ---------- 69
16. સુકાયેલા ફૂલની કવિતા... ---------- 74
17. દૂરી-દરમિયાન ---------- 78
18. માતૃવાત્સલ્ય ---------- 82
19. એકલો જાને રે... ---------- 87
20. દૃષ્ટોદૃષ્ટ ---------- 93
21. હાથમાં સૂરજ ---------- 98
22. કથાકોણ ---------- 103
23. આત્મીયતા-સંબોધન ---------- 107
24. બિંદુની મધ્યમાં ---------- 113
25. ઝગમગતી અમાસનો ઓચ્છવ : દિવાળી ---------- 117
26. નવરાત્ર – નવદુર્ગા – નવ રૂપ અને બીજું ઘણું ---------- 122
27. એકલા જવાના ---------- 127
28. દીવડાથી કીમતી પ્રકાશ ---------- 132
29. ઋતુઓની ચાલચલગત ---------- 137
30. વળાવી બા આવી ---------- 142
31. પાનખર અને વસંત ---------- 147
32. કેસૂડો કામણગારો ---------- 151
33. સ્ત્રી : કુદરતનું કરિશ્માઈ સર્જન ---------- 156

# દિલની વાત

*शुभचिंतक सलाह दे गये ये कि मत सोचो दिल से*
*खेद पर बेचारे भूल गये ये कि दिल सोचता नहीं।*

*– मेघना गुप्ता*

કોઈ વાત દિલ પર ન લેવાનું સૂચવનારા શુભેચ્છકો આપણને સૌને મળ્યા હશે. ગંભીરમાં ગંભીર વાતને એક કાને સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવાથી મન પર બહુ ભાર થતો નથી એવું ઘણા લોકો કહે છે. ગીતામાં સ્થિતપ્રજ્ઞની અવસ્થાનું વર્ણન આવે છે, એમાં પણ આવા વલણને પુરસ્કારવામાં આવ્યું છે. સંસારમાં રહેવું અને છતાં સંસારની ગતિવિધિઓથી અલિપ્ત રહેવું, કશાથી લેપાવું નહીં. એવી જલકમલવત્ સ્થિતિ હાંસલ કરવી કાંઈ સાવ સહેલું નથી જ. કારણ કે દિલ આખરે દિલ છે. કાનથી સાંભળેલી દરેક વાત દિલ સુધી પહોંચે જ છે. આપણા સાંસારિક અનુભવો ભલે ઇંદ્રિય અનુભવો હોય, સરવાળે એ દરેકની અનુભૂતિ દિલથી થાય છે અને દિલને થાય છે. આપણી એક મુઠ્ઠી જેવડું આપણું હૃદય હોય છે, પણ આજીવન કામ કરી-કરીને તેમ જ વિવિધ અનુભૂતિઓ કરી-કરીને એ પહોળું થતું જાય છે. 'હાર્ટના એન્લાર્જ' થયાનું નિદાન એ એક જૈવિક ઘટના જ હોવી જોઈતી હતી, પણ ખરેખર તો એ જીવનનો એક પડાવ છે, ઉંમરનો એક તબક્કો છે. દિલ એન્લાર્જ કેમ થઈ જાય છે? એ પ્રશ્નનો જવાબ મેં એક શેરના માધ્યમથી આપવા પ્રયત્ન કર્યો છે :

*માણસ અને પડછાયા વચ્ચેની રેસમાં,*
*મુઠ્ઠી જેવડું દિલ પણ એન્લાર્જ થાય છે.*

ઉંમરના એક પડાવ પર આપણા શરીરના અન્ય અવયવોની જેમ દિલ પણ થાકી જાય છે. બાહ્ય થાક તો નજરે પડી શકે પણ આંતરિક થાકનું અવલોકન કરવા માટે આંતરિક અવયવોનો એક્સ-રે લેવો પડે. ભાષાના સાધન વડે દિલની અવસ્થાનો એક એક્સ-રે મેં પણ લીધો -

*उम्र का हिसाब* दे रहा है
*दिल भी अब जवाब* दे रहा है।

દિલ માત્ર ધબકી-ધબકીને જ થાકે એવું થોડું છે? દિલ ધબકીને થાકે તેના કરતાં તો તે આપવા-લેવાની રમત દરમિયાન વધુ થાકી જતું – ઘસાઈ જતું હોય છે. મનહર મોદીની ચાર પંક્તિઓ... દિલના આદાન-પ્રદાનની પ્રક્રિયામાં દિલને પહોંચતા ઘસારાનું સટીક બયાન કરે છે.

*દિલ તમોને આપતાં આપી દીધું*
*પામતાં પાછું અમે માપી લીધું.*
*માત્ર એક જ ક્ષણ તમે રાખ્યું છતાં*
*ચોતરફથી કેટલું કાપી લીધું!*

*– મનહર મોદી*

દિલ એ માત્ર શરીર જ નહીં, પણ આપણી તમામ સાંસારિક પ્રવૃત્તિઓ, તમામ સર્જન પ્રવૃત્તિઓના કેન્દ્રમાં છે. કોઈને જોઈને ધબકારો ચૂકી જતું દિલ ક્ષણ વાર પછી પાછું ધબકવા લાગે છે પણ કોઈને જોવા-મળવા-પામવાની ઝંખનામાં ધબકારા ચૂકી જતું દિલ ઘણી વાર કાયમ માટે ધબકવાનું ચૂકી જાય છે. આવી હોનારતોને ટાળવા માટે જ કોઈકે માનવજાતને સલાહ આપતાં કહ્યું છે :

*जो आप के साथ दिल से बात करता हो*
*उसे कभी दिमाग से जवाब मत देना।*

*– अज्ञात (हिन्दी सुविचार smile.wolrld.in)*

પણ મનુષ્યમાં બે પ્રકારની પ્રજાતિ હોય છે. એક દિલપ્રધાન અને બીજી દિમાગપ્રધાન. એક પ્રજાતિનો જીવ અન્ય પ્રજાતિના જીવના સંસર્ગમાં આવે, ત્યારે ભારે વિસંવાદ સર્જાય છે. એ વિસંવાદને કારણે ઉદ્ભવતી હોનારતનું કોઈકે સચોટ વર્ણન કર્યું છે :

*राह-ए-इश्क में बस दो ही मंझिल हैं जाना*
*या दिल में उतर जाना या दिल से उतर जाना।*

*– अज्ञात*

આપણી તમામ પ્રવૃત્તિઓના કેન્દ્રમાં 'દિલ' રહેલું છે. વિશ્વમાં સોશિયલ મીડિયા પર સવિશેષ ઉપયોગમાં લેવાતી ઇમોજી 'દિલ'ની હોય છે. દિલનું સ્થાન આપણા શરીરમાં ડાબી બાજુએ હોય છે, પણ દિલને ડાબે હાથે મૂકી દો તો એક તસુ પણ આગળ જઈ શકાતું નથી.

*दिल तो है दिल, दिल का ऐतबार क्या कीजिए*
*आ गया जो किसी पे प्यार क्या कीजिए*
– *गीतकार : अंजान, मुकद्दर का सिकंदर* (१९७८)

ફિલ્મી દુનિયાનાં લોકપ્રિય થયેલાં ગીતોમાં મહત્તમ ગીતો દિલ વિશેનાં હોય છે અથવા એમાં 'દિલ' વિશે કોઈ ને કોઈ ઉલ્લેખ થયેલો હોય છે. ફિલ્મોનાં નામોમાં પણ 'દિલ' અને અથવા પ્યાર/દીવાના-દીવાનગી જેવી સંજ્ઞાઓનો ઉપયોગ મહત્તમ પ્રમાણમાં થયો છે. આ બાબત માત્ર સાંયોગિક નથી પણ નિયતિકૃત નિયમ અનુસારની છે. છાતીના પાંજરાના એક ખૂણે ટૂંટિયું વાળીને ગુપચુપ ધબકી રહેલું દિલ શાંતિપ્રિય છે. 'Let my work speak, not the words' એવા મુદ્રાલેખનો ચુસ્ત અમલ કરતા દિલને જન્મારામાં જવલ્લે જ પોતાની વ્યથાકથા કહેવા-જણાવવાની તક મળે છે, કાર્ડિયોગ્રામ દ્વારા પણ એની વ્યથાકથા વાંચતાંની સાથે જ ભલભલા ચમરબંધીના હોશકોશ ઊડી જાય છે. આમ છતાં માનવજાત એટલી બધી કૃતઘ્ની છે કે 'દિલ'ની દિલથી કદર કરી શકતી નથી. તેથી જ વિશ્વના શાણા પુરુષોએ 'વર્લ્ડ હાર્ટ ડે' જેવા ઉત્સવનું નિર્માણ કર્યું હશે. કમ-સે– કમ એ એક દિવસ પૂરતા તો દિલનાં ગુણગાન ગવાય! દિલને પણ એવું થાય કે ચાલો આપણી પણ લોકોએ દિલથી કદર કરી ખરી! જોકે એમાં ઉપચાર વધુ અને સાચી કદર ઓછી જ હોય છે. વાસ્તવિકતા તો એ છે કે દિલની દરકાર રાખવાની આપણામાં વૃત્તિ જ નથી, ભલે દિલ આપણું હોય કે અન્યનું! અને એટલે જ 'चांदी की दीवार न तोडी, प्यार भरा दिल तोड दिया' એવી ફરિયાદો દેશ-દુનિયાના ખૂણેખૂણેથી સાંભળવા મળે છે. મનુષ્ય મનના માધ્યમ વડે વિચારલીલાનો કારોબાર અહર્નિશ ચલાવતો રહે છે, પણ એ કારોબારના નફા-નુકસાનનો બોજો સીધો જ હૃદય એટલે કે દિલની ઉપર જ પડે છે! ફિરાક ગોરખપુરીએ 'દિલ'ની અવદશા વિશે પાણીદાર શેર કહ્યા છે :

*दिल को शोलों से करती है सैराब*
*जिंदगी आग भी है, पानी भी।*

●

*दिले बदनाम तेरे बारे में*
*लोग कहते हैं इक कहानी भी।*
– *फिराक गोरखपुरी*

અહમદ ફરાઝ દિલ પર થતી ચોટની યંત્રણા વિશે 'ચોટદાર' વાત કહે છે :

*दिल को अब यूं तेरी हर एक अदा लगती है*
*जिस तरह नशे की हालत में हवा लगती है*
*जो दु:खी दिल को हमने बहुत बचाया फिर भी*
*जिस जगह जख्म हो, वहाँ चोट सदा लगती है।*

*– अेहमद फराज*

દિલ લાગે છે, દિલથી દિલ મળે છે, દિલ આપી દેવાય છે, દિલ ચોરાઈ જાય છે, દિલને ઘા વાગે છે, દિલ તૂટી જાય છે, દિલ સંધાતું નથી, દિલ જોડાતું નથી, દિલના ટુકડેટુકડા થઈ જાય છે.

દિલ મંદિર છે, દિલ એક દર્પણ છે, દિલોને દાસ્તાન હોય છે, દિલનો અવાજ હોય છે. દિલ હસે છે, રડે છે, બહેકી જાય છે, કોઈના પર આવી જાય છે, કોઈ દિલમાં વસી જાય છે, કોઈ દિલથી ઊતરી જાય છે. દિલની એક દુનિયા હોય છે. દિલ નાનું પણ હોય છે, દિલ મોટું પણ હોય છે અથવા મોટું થઈ જાય છે, મોટું કરવું પડે છે, મોટું રાખવું પણ પડે છે.

'દિલ' વિશે લગભગ બધી ભાષાઓમાં વિશિષ્ટ ભાષાપ્રયોગો અને અસંખ્ય રૂઢિપ્રયોગો મળે છે. આપણી દરેક કેફિયતના હાર્દમાં દિલ હોય છે અને દિલ-સંબંધી રૂઢિપ્રયોગો વડે આપણા કથનની જેટલી અસરકારક સજાવટ થઈ શકે છે, એટલી અન્ય કશાથી નથી થઈ શકતી. એક અજ્ઞાત સર્જકની રચના આ સંદર્ભમાં સ્મરણમાં આવે છે :

*सपने है आंखों में पर निंद कहीं और है*
*दिल है जिस्म में पर धडकन कहीं और है*
*कैसे बयाँ करें अपना हाल-ए-दिल दोस्त*
*जी रहे हैं हम पर जिंदगी कहीं और है।*

*– अज्ञात (FB Page हम हैं राही प्यार के Pihu Goyal)*

દિલની વાત માંડો તો દિલથી જ માંડવી પડે ને! જોકે ગુજરાતીમાં આપણે 'દિલ' શબ્દનો પ્રયોગ પ્રમાણમાં ઓછો કરીએ છીએ. 'હૃદય-હૈયું-અંતર' જેવી ગુજરાતી સંજ્ઞાઓ ઉપલબ્ધ છે. પણ એમાં કોણ જાણે કેમ **'दिल'**વાળી ફીલિંગ કે થ્રિલ આવતી નથી એવું લાગે છે. 'દિલ' સંજ્ઞા આપણા દિલમાં આમ તો વસી

ચૂકી છે. હવે એ એટલી આગંતુક પણ રહી નથી છતાં આપણી ભાષાપરસ્તી આપણને 'दिल'ની નજીક જતાં રોકે છે એ પણ એક વાસ્તવિકતા તો છે જ.

॥ ઇતિ ॥

*આંખોથી કહેવું આસાન નથી*
*અને ચૂપ રહેવું સમાધાન નથી*
*કહી દેજો દિલ ખોલીને હૃદયની વાત,*
*કેમ કે પ્રેમનું બીજું કોઈ નિદાન નથી.*

*– ક્રિપાલસિંહ જાડેજા*

•